# શિક્ષણ વિભાગ

# ગુજરાત સરકાર

## ગુજરાત વિધાનસભા સત્ર દરમ્યાન

## ધી ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (એમેન્ડમેન્ટ) બીલ, ૨૦૨૪ રજુ કરવા બાબતે શ્રી કમલેશભાઈ પટેલ (મતવિસ્તાર પેટલાદ) માટેનું વક્તવ્ય

તા: ૨૯/૦૨/૨૦૨૪

ગુજરાત વિધાનસભાના માન. સ્પીકર શ્રી શંકર ચૌધરીજી; ગુજરાત વિધાનસભાના માન. ડેપ્યુટી સ્પીકર શ્રી જેઠાભાઈ આહિર; ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ; ગુજરાત રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ ગુજરાત વિધાનસભા ખાતે હાજર તમામ સભ્યોને મારા સાદર પ્રણામ.

માન. રાજ્ય કક્ષાના મંત્રીશ્રી, ગુજરાત રાજ્યના વક્તવ્ય મુજબ ધી ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦03માં સુધારો કરીને આ કાયદાને ધી ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (એમેન્ડમેન્ટ) બીલ, ૨૦૨૪ તરીકે ઓળખવામાં આવશે. હાલમાં DA-IICT અગ્રણી ઉચ્ચ શિક્ષણ સંસ્થા તરીકે મજબૂત પ્રતિષ્ઠા ધરાવે છે. તે પ્રતિષ્ઠિત NAAC ગ્રેડ A+ માન્યતા અને રાજ્ય સરકાર દ્વારા "સેન્ટર ઑફ એક્સેલન્સ" તરીકેની માન્યતા ધરાવે છે.

ધી ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (એમેન્ડમેન્ટ) બીલ, ૨૦૨૪ દ્વારા ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાના ધોરણો જાળવીને વિદ્યાર્થીઓના રીસર્ચ અને નોલેજ સાથે રોજગારીની તકો વધે તે માટે પ્રવેશની તમામ રાહ તરફ દોરી જઈ વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય તે હેતુ રહેલ છે.

યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક પ્રોગ્રામો જેવા કે ડીસટન્સ એજ્યુકેશન, ઓનલાઈન એજ્યુકેશન, ઇન્વાયરેન્ટલ ડેવલોપમેન્ટ સાથે ટેકનોલોજીની જરૂરિયાતના આધારે

ઈન્ટેલેકચ્યુઅલ એબિલીટી, એજ્યુકેશન અને ટ્રેઈનીંગ આધારિત આર્ટ ફેસીલીટી, ટીચિંગ અને રીસર્ચ પ્રોગ્રામ આપવામાં આવશે. ઉચ્ચ શિક્ષણમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય શૈક્ષણિક સંસ્થાઓની ભાગીદારી દ્વારા વિદ્યાર્થીઓ દેશ-વિદેશ સાથે સંકળાવી ઉતરોતર પ્રગતિ મેળવે તે મુખ્ય ઉદ્દેશ રહેલ છે. આ નીતિના અમલથી આવનાર સમયમાં ગુજરાત એજ્યુકેશન હબ તરીકે ભારત અને વિશ્વમાં નવી ઊંચાઈ પ્રાપ્ત કરશે.

હાલમાં ધી ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટીટ્યુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦03 માં પ્રસ્તાવિત સુધારાનો હેતુ યુનિવર્સિટી દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, ૨૦૨૦ સાથે સુસંગત વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને સંશોધનની તકો, પ્રદાન કરવાનો છે. ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનની પ્રવર્તમાન શાખાને વિવિધ સમકાલીન ક્ષેત્રોને આવરી લેતી નવી ટેકનોલોજીની શાખામાં રૂપાંતરીત કરવા તેમજ મેનેજમેન્ટ, કાયદો, ડિઝાઇન વગેરે સહિતની વિવિધ શાખાઓમાં શિક્ષણ, સંશોધન અને તાલીમને આગળ ધપાવવા માટે સુધારો કરવો આવશ્યક છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 ના આદેશ સાથે સુસંગત વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને સંશોધનની તકો પ્રદાન કરવા સક્ષમ છે અને દેશના સૌથી પ્રગતિશીલ અને ગતિશીલ રાજ્ય તરીકે ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ ખાનગી યુનિવર્સિટીનાં કાયદા અધિનિયમ દ્વારા સુધારો કરવામાં આવી રહ્યો છે.

આમ, ઉપરોક્ત વિધેયક ધી ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટીટયુટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (એમેન્ડમેન્ટ) બીલ, ૨૦૨૪ ના સુધારાનો અમલ કરીને પ્રાઇવેટ યુનિવર્સિટીઝ તેમના તમામ શૈક્ષણિક નિર્ધારિત ધ્યેયોને હાંસલ કરી શકશે. આ બધી યુનિવર્સીટીમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ની જરૂરીયાતોને સંતોષવા એકસમાન માળખા પર અને કાર્યપધ્ધતિ ઉપર આધારીત હોય તેવી યુનિવર્સિટીઓ માટે એક સમાન કાયદો બનાવીને લાગુ કરવાનું સરળ, યોગ્ય, વ્યવહારૂ અને કાયદાકીય રીતે પણ વાજબી અને ન્યાયપૂર્ણ છે. આમ, વિદ્યાર્થી માટે શૈક્ષણિક હેતુ માટેના તમામ વિકલ્પો ઉપલબ્ધ થશે. આ સાથે જય હિન્દના ઘોષ સાથે સન્નમાનીય ગૃહની સંમતિ સાથે હું વિરમું છું.

આભાર.

**************************************************